<u>ઈ-મેઇલ મેસેજ</u>

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

<u>**નંબર**</u> :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૩૪૮/૨૦૨૩, તા.૧૮/૦૯/૨૦૨૩

<u>વિગત</u> :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/30/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૧૮/૦૯/૨૦૨૩ થી તા.૨૪/૦૯/૨૦૨૩** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

કીર્તિમંદીર પો.સ્ટે. ગુ.ર.નં.૦૬૪૯/૨૦૨૩ I.P.C. ક.૩૬૩ અન્વયે અપહરણ થનાર અંજલીબેન D/O ગૌતમભાઇ સાદીયા રહે.વીરડી પ્લોટ, પોરબંદર વાળીને તા.૧૯/૦૯/૨૦૨૩ના રોજ કીર્તિમંદિર પો.સ્ટે.ના ઇ.ચા. પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી વી.પી.પરમા તથા પોલીસ સ્ટાફ દ્વારા જામકા ગામ તા.ઉના જી.ગીર સોમનાથ ખાતેથી આરોપીના સંબંધીના ઘરેથી શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચા/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય** :-

**(૧)** ઉદ્યોગનગર પો.સ્ટે.ના પોલીસ સ્ટાફ દ્વારા તા.૨૧/૦૯/૨૦૨૩ના રોજ જવાહર નવોદય શાળાના ૧૫૦ વિદ્યાર્થીઓને પો.સ્ટે.ની વિઝીટ કરાવવામાં આવી અને પો.સ્ટે.ની કામગીરીથી માહિતગાર કરાવવામાં આવેલ. તેમજ તા.૨૨/૦૯/૨૦૨૩ નારોજ તુંબડા પ્રાથમિક શાળાના ૧૫૦ વિદ્યાર્થીઓને પો.સ્ટે.ની વિઝીટ કરાવવામાં આવી અને ગુડ ટચ બેડ ટચ વિશે સમજણ કરવામાં આવેલ.

**(૨)** મહિલા પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એમ.રાઠોડ તથા PSI શ્રી કે.એમ.સૈયદ તથા મહિલા પો.સ્ટે.ના સ્ટાફ દ્વારા બાળકોને ગુડટચ બેડટચ ની કામગીરી અંતર્ગત શ્રી તળપદા પે.સેન્ટર કન્યા શાળા પોરબંદર ખાતે પ્રીન્સીપલશ્રી ખ્યાતીબેન ટી.અટારાની હાજરીમા તેમજ શારદામંદીર પે-સેન્ટર શાળા પોરબંદર ખાતે પ્રીન્સીપલશ્રી દિપકભાઇ એન.જોષી ની હાજરીમા ૧૫૦ બાળકોને ગુડટચ બેડટચ ની માહિતી આપવામા આવી તેમજ ૧૦૯૮ ચાઇલ્ડ હેલ્પલાઇન નંબર વિષે તેમજ તેની ઉપયોગીતા વિષે બાળકોને માહિતી આપવામા આવી તેમજ બાળકોએ અવાવરૂ જગ્યાયે એકલા જવુ નહી અને સુનશાન રસ્તાની જગ્યાયે ભીડભાળ વાળા રસ્તા થી જવાનું પસંદ કરવુ તેમજ કોઇ છેડતીને લગતા બનાવ બને તો તુરંત વડિલોને જાણ કરવી કોઇ અજાણી વ્યક્તિ પાસેથી કોઇ પણ ચીજ-વસ્તુ લેવી નહી અને અજાણી વ્યક્તી પાસે જવુ નહી બાળકોને ગુડટચ અને બેડટચ વિષે માહિતીગાર કરવામા આવ્યા તેમજ ૧૮૧ નંબર તેમજ પોલીસ કંટ્રોલ રૂમના ૧૦૦ નંબરની જાણકારી આપેલ તેમ જરૂર જણાય તો ફોન કરવા તેમજ પોલીસ ને જાણ કરવા સમજ કરેલ.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય**

તા.૨૧/૦૯/૨૦૨૩ના રોજ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા ડ્રાઇવ સબબ છેલ્લા એક મહીનાથી નાસતા-ફરતા આરોપીઓ જેમાં (૧) જામનગર સી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ-એ-૧૧૨૦૨૦૦૨૨૩૧૭૨૩/૨૦૨૩ આઇ.પી.કલમ-૩૯૫,૩૨૩,૪૨૭,૫૦૪,૩૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ ના ગુન્હાના કામે છેલ્લા એક મહીનાથી પોલીસ કસ્ટડીથી ભાગતા ફરતા આરોપી નં.(૧) રામસંગ ઉર્ફે રામદેવસિંહ ભીખુભા સોઢા તેમજ આરોપી નં.(૨) મીત પાલાભાઇ સીંચ તથા (૨) જામનગર જિલ્લાના બેડી મરીન પો.સ્ટે. ના ગુ.ર.નં. પાર્ટ-એ-૧૧૨૦૨૦૦૬૨૩૦૨૧૦/૨૦૨૩ આઇ.પી.સી.કલમ-૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા એટ્રોસીટી એક્ટ કલમ-૩(૧)(આર)(એસ),૩(૨)(૫-એ) તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ ના ગુન્હાના કામે છેલ્લા એક મહીનાથી પોલીસ કસ્ટડીથી ભાગતા ફરતો આરોપી- રામસંગ ઉર્ફે રામદેવસિંહ ભીખુભા સોઢા વાળાઓ હાર્બર મરીન પો.સ્ટે. વિસ્તારના જાવર ગામ સુપર ગેસ પાસે આવેલ ચામુંડા હોટલ પાસેથી નીકળવાનો છે જે હકીકત આધારે ત્યાં જઇ પુછપરછ કરતા બંન્ને આરોપી ઉપરોક્ત ગુન્હાની કબુલાત કરતા જામનગર જિલ્લાના બેડી મરીન પો.સ્ટે. તથા સી ડીવીઝન પો.સ્ટે.ના ગુન્હાઓના કામે પકડી પાડેલ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) તા.૧૮/૦૯/૨૦૨૩ના રોજ મહિલા પો.સ્ટે.ના પોલીસ સ્ટાફ દ્વારા ચોપાટી વિસ્તારમાં ફુટપેટ્રોલીંગ દરમ્યાન શી-ટીમ લગત કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલીસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.

(૨) તા.૧૯/૦૯/૨૦૨૩ના રોજ મહિલા પો.સ્ટે.ના પોલીસ સ્ટાફ દ્વારા ફુટપેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનો ની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ ૧૮૧ હેલ્પ લાઇન બાબતે માહિતી આપી

(3) તા.૨૦/૦૯/૨૦૨૩ના રોજ મહિલા પો.સ્ટે.ના પોલીસ સ્ટાફ દ્વારા સુદામા ચોક વિસ્તાર તથા બંગડી બજાર વિસ્તારમા ફુટપેટ્રોલીંગ દરમ્યાન શી-ટીમ ની કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.

(૪) તા.૨૧/૦૯/૨૦૨૩ના રોજ મહિલા પો.સ્ટે.ના પોલીસ સ્ટાફ દ્વારા બસ સ્ટેન્ડ વિસ્તાર તથા ચોપાટી વિસ્તરમા ફુટપેટ્રોલીંગ દરમ્યાન શી-ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહિતગાર કરેલ છે.

(૫) તા.૨૪/૦૯/૨૦૨૩ના રોજ મહિલા પો.સ્ટે.ના શી ટીમ દ્વારા ચોપાટી વિસ્તાર અસ્માવતી રીવરફ્રન્ટ વિસ્તારમા શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.

(૬) તા.૨૦/૦૯/૨૦૨૩ના સી ટીમ દ્વારા હાર્બર મરીન પો.સ્ટે. વિ. ઓડદર વિસ્તારમાં બહેનો ની મુલાકાત કરી મહિલા હેલ્પલાઇન ૧૮૧ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ તથા સુભાષનગર

વિસ્તારમાં રહેતા સીનીયર સીટીજનની મુલાકાત લેવામાં આવેલ તથા કાંઇ પણ મુશ્કેલી હોય તો ૧૦૦ નંબરમાં ફોન કરવા જણાવવામાં આવેલ.

(૭) તા.૨૨/૦૯/૨૦૨૩ના ક.૧૫/૪૫ થી ક.૧૬/૪૫ વાગ્યા સુધી નરસંગ ટેકરી પ્રાથમિક શાળામાં ગુડ ટચ બેડ ટચનો પ્રોગ્રામ કરેલ તેમજ સાયબર વીશે તથા જાતીય સતામણી વિશે ૧૦૦ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

તા.૨૪/૦૯/૨૦૨૩ના રોજ પોલીસ અને નાગરીકો વચ્ચે એકાત્મતા કેળવાય બંને વચ્ચે સમન્વયમાં વધારો થાય તેમજ નાગરીકો ના પ્રશ્નનોના ઝડપી નિકાલ થાય તે સબબ ઓડદરગામ,કુછડીગામ,જાવરગામ તથા સુભાષનગર વિસ્તારના સરપંચ,આગવાનો તથા લોકોની સાથે આનંદ હોલ સુભાષનગર ખાતે ત્રણવાત તમારી ત્રણવાત અમારી સબબ કાર્યક્રમ નું આયોજન કરેલ જેમાં કોઇને કાંઇ રજુઆત હોય જણાવવા તથા પોલીસનો સંપર્ક કરવા સલાહ સુચના આપવામાં આવેલ.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર